# નવાપુરામાં વીજ થાંભલો પડી જતા વીજવાયરો ખેતરમાં પથરાયા



પ્રાંતિજ, તા. ૭

પ્રાંતિજના નવાપુરા ગામે ખેતરમાં વીજ થાંભલો પડી જતા ખેતરમાં ચારે બાજુ વીજ વાયરો પથરાઈ ગયા છે. આથી ખેડૂતોએ ખુલ્લામાં પથરાયેલા વીજ વાયરો દૂર કરવા વીજતંત્રને જાણ કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી વીજ વાયરો જેમના તેમ પડ્યા રહેતા ખેડૂતોમાં ભયનો માહોલ ઉભો થવા પામ્યો છે.

પ્રાંતિજ પાસે નવાપુરા ગામ આવેલ છે. જ્યાં વિપુલ પટેલના ખેતર ઉપરથી વીજવાયરો પસાર થાય છે. જ્યારે બાજુમાં આવેલ નાળીયામાં વીજ થાંભળો અચાનક જ પડી જતા થાંભલાના વાયરો ખેતરમાં ચારેબાજુ પથરાઈ ગયા છે. આ ઘટના અંગે વીજ તંત્રને ફોન કરી જાણ કરવામાં આવી છે. પરંતુ ત્રણ દિવસ વીતી ગયા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. ખુલ્લા પથરાયેલા વીજ વાયરોથી ભય છવાઈ ગયો છે. બીજી બાજુ ખેતરમાં ચારેબાજુ વીજ વાયરો પથરાયેલા રહેતા ખેડૂતોએ ખેતી માટે તૈયાર કરેલ ધરૂ પણ ખરાબ થતા ખેડૂતો દ્વારા વીજ કંપની સામે રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે.

# મોડાસામાં ભરબપોરે એક લાખની ચીલ ઝડપ

(સમીર બલોચ ધ્વારા)

મોડાસા, તા.૭

અરવલ્લી જીલ્લાના મોઢાસા શહેરમાં છેલ્લા કેટલાય સમયથી કાયદો અને વ્યવસ્થા સ્થીતી કથળી જવા પામી છે ટુંકા સમય ગાળામાં જ ચીલઝડપના બનાવમાં વધારો થવા પામ્યો છે. હમણાં જ થોડા દિવસ પહેલા ભર બપોરે મહિલાના ગળામાંથી બાઈક સવારો સોનાની ચેન લુંટીને ફરાર થઈ ગયા હતા ત્યારે આજે મોડાસાની મખદુમ હાઈસ્કુલ નજીક આવેલ જમાલવાવ નામના ભરચક એરીયામાંથી બાઈકસવારો ધ્વારા એક લાખ રૂપીયાની ચીલ ઝડપ કરી હવામાં પલાયન થઈ ગયા હતા.



આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર મોડાસાના જમાલવાવ વિસ્તારમાં રહેતા હાજી અહેમદભાઈ ટીંટોઈયા પોતાની અને પત્નીની વૃધ્ધા અવસ્થામાં દવા કરાવવા માટે માલપુર રોડ પર આવેલ બેંક ઓફ ઈન્ડીયાની શાખામાથી એક લાખ રૂપીયા લઈને પોતાના ઘરે આવીને ઘર આગળ ઉભા હતા ત્યારે અચાનક જ બે બાજુથી બે બાઈકસવારો આવીને હાથમાં રહેલી એક લાખ રૂપિયા ભરેલી થેલી તફડાવી ફરાર ગઈ ગયા હતા. જયારે ચીલ ઝડપ કરવા આવેલા ગઠીયાઓ નંબર પ્લેટ વગરની બાઈક લઈને કાળા કલરનુ જેકેટ પહેરીને આવ્યા હતા.

હાલ તો આ પરિવારના એક લાખ રૂપિયા ચોરાઈ જતા પરિવારજનો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા અને આ અંગે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી હતી ત્યારે આ અંગે મોડાસા ટાઉન પીઆઈ કે. જે. ચૌધરીએ ફરીયાદ નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## બેકના સીસીટીવી કેમેરા બંધ હાલતમાં

સરકાર ધ્વારા પરિપત્રમાં કરવામાં આવેલો હોઈ બેકીંગ ક્ષેત્રે મોડાસામાં આવેલ કેટલીક બેંકોમાં સીસીટીવી કેમેરા માત્ર શોભાના ગાંઠીયા સમાન જ છે. અહેમદભાઈના સુપુત્ર જયારે લુંટ થયા પછી બેંકમાં સીસી ટીવીના ફુટેજમાં કોઈ શંકાસ્પદ વ્યકિત હતો કે નહિ તેની તપાસ કરવા ગયા ત્યારે ખબર પડી કે બેંકના સીસીટીવી કેમેરા જ બંધ છે.

## ગઠિયાઓ દ્વારા બેંકમાંથી જ પીછો કર્યાનુ અનુમાન

અહેમદભાઈ અને તેમની પત્નિ જયારે માલપુર રોડ પર આવેલી બેંક ઓફ ઈન્ડીયામાંથી પૈસા ઉપાડવા ગયા ત્યારે એ સમયે ગઠીયાઓ બેંકમાં જ હોવાનુ અનુમાન લગાવાઈ રહયુ છે. બેંકમાંથી નીકળ્યા પછી આ ગઠીયાઓ દ્વારા અહેમદ ભાલના ઘર સુધી પીછો કર્યા હોવાનુ અનુમાન લગાવાઈ રહયુ છે.



પોષી પૂનમમાં જગત જનની જગદંબા માતાજીનો પ્રાગટ્ય દિનને ધર્મભાવનાથી ઉત્સાહપૂર્વક તલોદ ખાતેના અંબાજી મંદિરમાં ઉજવવામાં આવ્યો હતો. માઈ ભક્તોએ કેક કાપી ઉજવણી કરી હતી. (દશરથ વણઝારા, તલોદ)


# સંકલન બેઠકમાં ગેરહાજર રહેલા પાંચ અધિકારીઓને કારણદર્શક નોટીસ

ખેડબ્રહ્મા તા.૭

ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાની ૩ જાન્યુઆરી શનિવારે યોજાયેલ બેઠકમાં પૂર્વ મંજુરી વગર ગેર હાજર રહેલા અધિકારીઓને ૫ જાન્યુ સોમવારે નાયબ કલેકટર ખેડબ્રહ્માએ કારણ દર્શક નોટીસ ફટકારતા કર્મચારીઓમાં સોંપો પડી ગયો છે.

ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાની વિવિધ પાંચ સરકારી કચેરીના અધિકારીઓને તાલુકા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ બેઠક દર માસના પહેલા શનિવારે નાયબ કલેકટરના અધ્યક્ષ સ્થાને રાખવામાં આવે છે. અને તે બેઠકમાં સંબધિત અધિકારીઓને જાતે અચુક હાજર રહેવાનુ હોય છે. બેઠકમાં હાજર રહેવા દરેક અધિકારીને જાણ કરવામાં આવી હતી તેમ છતાં ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાના પાંચ અધિકારીઓ કે તેમનો કોઈ પ્રતિનિધિ પૂર્વ મંજુરી વગર આ બેઠકમાં હાજર રહેલા ન હતા. તેથી તાલુકા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિના અધ્યક્ષ અને નાયબ કલેકટર બેઠકમાં ગેરહાજર રહેવા બદલ સાત દિવસમાં ખુલાસો કરવા કારણ દર્શક નોટીસ ફટકારવામાં આવી છે. આ અંગે જો કસુર ઠરશે તો જે તે અધિકારી વિરૂધ્ધ કાર્યવાહી કરાશે.

નોટીસ ફટકારયેલ અધિકારીઓ :- (૧) પી.એસ.આઈ. ખેરોજ (૨) પી.એસ.આઈ. પોશીના (૩) મત્સોધોગ અધિકારી ખેડબ્રહ્મા (૪) પશુ ચિકિત્સા અધિકારી ખેડબ્રહ્મા (૫) તોલમાપ અધિકારી ખેડબ્રહ્મા



## મોડાસાના સબલપુર પ્રાથમિક શાળામાં સાપ નીકળતાં વિદ્યાર્થીઓમાં દોડધામ

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સબલપુર ગામની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે અચાનક સાપ નીકળતા શાળામાં માહલતા બાળકોને નજરે ચડતાં બાળકોએ બુમાબુમ કરી મુકી હતી. શાળાના શિક્ષક વિજય પ્રજાપતિએ સાવધાની વર્તી જીવદયા પ્રેમી બોલાવી સાપને પકડી જંગલમાં છોડી મુકતા વિદ્યાર્થીઓએ અને શાળાના શિક્ષકગણે હાશકારો અનુભવ્યો હતો.

# કાલીપુરા ગામે બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા ત્રિવેણી સંગમ યોજાયો

પ્રાંતિજ તા.૭

સાબરકાંઠાના પ્રાંતિજ સ્થિત કાલીપુરા ગામે બ્રહ્માકુમારીઝ સંસ્થાના સહયોગથી ધ્વજા રોહણ અને જ્ઞાન સત્સંગ સાથે જન્મદિનની ઉજવણીનો ત્રિવેણી સંગમ



યોજાયો હતો.

પ્રાંતિજના કાલીપુરા ગામે રહેતા એક પરિવારે સમગ્ર ઉજવણીને આધ્યાત્મિકતા સાથે સાંકળી લઈને જિલ્લામાં સૌ પ્રથમવાર નવતર પહેલ કરી સમાજને નવી દિશા બતાવી છે. બ્રહ્માકુમારીઝ પરિવારના જશુભાઈ અને લલિતાબેનના મુખ્ય યજમાન પદે આયોજીત આ અનોખા પ્રસંગમાં ડિસ્કો-ડાન્સને સ્થાને રાસ-ગરબાની રમઝટ જમાવીને ભારતીય સંસ્કૃતિના દર્શન કરાવ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં બ્રહ્માકુમારીઝની બહેનો જોડાઈ હતી. આ કાર્યક્રમમાં રાજયોગિની ચંદ્રિકાદાદી અને ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસામાં પતંગના સ્ટોલ મંડાયા પણ ઘરાકી મંદી

## પ્રતિબંધિત ચાઈનીઝ દોરી અને પ્લાસ્ટીકના પતંગનો ખડકલો

ડીસા, તા. ૭

ડીસા શહેરમાં ઉત્તરાયણ પૂર્વે પતંગોના સ્ટોલ ખડકાઈ ગયા છે. પરંતુ હજુ સુધી જોઈએ તેવી ઘરાકી ન ખુલતા વેપારીઓ નવરા બેસી રહ્યા છે. બીજી તરફ હોલસેલ માર્કેટમાં ભાવ વધારો ન થવા છતાં રીટેઈલરો દ્વારા પતંગરસિકો પાસેથી વધુ ભાવ પડાવવામાં આવતા હોવાનું બુમો ઉઠવા પામી છે.

શહેરમાં ઉત્તરાયણ પર્વને લઈ પતંગદોરાના સ્ટોલ મંડાયા છે. આ વખતે રીટેઈલરો દ્વારા પતંગ દોરાના ભાવ વધારી દેવાતા પતંગરસિકો માટે ઉત્તરાયણ પર્વ મોઘુ બની રહ્યું છે. ૧૫૦, પાંડા મેદાની ૨ હજાર વાર ૯ તાર વાલીના રૂ. ૨૫૦, રાજધાની ૩ હજાર વાર ૬ તારવાળી રૂ. ૩૫૦, ગ્લાઈન્ડર પાંડા ૬ હજારવારના રૂ. ૪૫૦ ના ભાવે વેચાય છે. જ્યારે પ્લાસ્ટીકના મર્દાની પતંગો ૧૦૦ નંગ ૨. ૧૫૦, ચાંદા ખંભાતી ૧૦૦ નંગના રૂ. ૩૦૦, ત્રિવેણી ખંભાતી ૧૦૦ નંગના રૂ. ૩૦૦ના ભાવે વેચાય છે. જો કે હોલસેલરો દ્વારા નજીવો ભાવ વધારો કરાય છે. પરંતુ રીટેઈલરો દ્વારા મનફાવે તેમ ભાવ પડાવવામાં આવે છે. ડીસામાં પ્રતિબંધિત પ્લાસ્ટીકના પતંગો અને પ્રાણઘાતક સાઈનીઝ દોરી પણ માર્કેટમાં આવી ગઈ છે. જોકે રીટેઈલરોએ મુડી રોકાણ કરી માલ ખડકી દીધો છે, પરંતુ હજુ જોઈએ તેવી ઘરાકી જોવા મળતી નથી.

# મેઘરજના રેલ્લાવાડા ગામ નજીક અરવલ્લી પોલીસનો ચાંપતો બંદોબસ્ત

ઈસરી, તા. ૬

ગુજરાત રાજ્યમાં વાઈબ્રન્ટ સમીટ ૨૦૧૫ અને પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી થવાની હોવાથી અને ગુજરાત રાજ્યમાં આતંકવાદી હુમલો થવાની ભીતી સેવાઈ રહી હોવાથી ગુજરાત રાજ્યમાં આવેલી તમામ રાજ્ય બોર્ડર પર ગુજરાત પોલીસ વિભાગની સૂચનાના કારણે ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. અને સરહદ પારની બીજા રાજ્યોમાંથી પ્રવેશતા દરેક વાહનની સઘન ચકાસણી કરવામાં આવી રહી છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના છેવાડા ગામ રેલ્લાવાડાની નજીક આવેલા ઘેડ છાપરા પોલીસ ચોકી પર અરવલ્લી જિલ્લા પોલીસવડાની સૂચનાથી ઈછરી પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ દ્વારા રાજસ્થાનમાંથી ગુજરાતમાં પ્રવેશી રહેલા તમામ નાના-મોટા વાહનોની સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે. જેથી કરીને ગુજરાત રાજ્યમાં કોઈ અનિચ્છનીય ઘટના ના સર્જાય. ઈસરી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એમ.ડી. પરમારના જણાવ્યા અનુસાર વાઈબ્રન્ટ સમીટ દરમિયાન કોઈ મોટી દુર્ઘટના ન સર્જાય તેની તકેદારી સઘન ઝુંબેશ ચલાવવામાં આવનાર છે. જેની કામગીરીના ભાગરૂપે ઘેડ છાપરા નજીક પોલીસ સ્ટાફ દ્વારા



રૂપે ગુજરાત રાજ્યના તમામ ૭ સરહદી જિલ્લાઓમાં પોલીસ દ્વારા સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. ૫ જાન્યુ.થી ૧૫ જાન્યુઆરી સુધી ગુજરાત રાજ્યમાં પ્રવેશનાર તમામ નાના-મોટા વાહનો અને આવન-જાવન કરતા લોકોની તલાશી લઈ ગુજરાતમાં પ્રવેશ આપવામાં આવે છે.

# દાંતીવાડા જન સેવા કેન્દ્રમાં લોકો કરી રહ્યા છે કકળાટ

## ઓપરેટરો ગુસ્સા સાથે ગમે તેવુ વર્તન કરે છે અરજદારોનો આક્ષેપ

દાંતીવાડા, તા. ૭

દાંતીવાડા જન સેવા કેન્દ્રમાં છેલ્લા ઘણા સમયથી આધારકાર્ડ કઢાવવા અરજદારોની ભારે ભીડ જોવા મળી રહી છે. અરજદારો આધાર કાર્ડ કઢાવવા ભુખ્યા ને તરસ્યા કલાકો સુધી લાઈનમાં ઉભા રહે છે. ત્યારે આધારકાર્ડની કામગીરી કરતા ઓપરેટરો નાગરિકો સાથે ગેરવર્તણુંક કરી રહ્યા છે. જેથી નાગરિકોમાં રોષ જોવા મળ્યો છે. બીજી બાજુ નાગરિકોએ ઉચ્ચકક્ષાએ રજુઆત કરવા છતાં કોઈ અધિકારી સાંભળવા પણ તૈયાર નથી.

ગેસ સિલેન્ડરની સબસીડી સીધી બેંકમાં જમા થવાની શરૂઆત થઈ ગઈ છે માટે જરૂરી આધાર પુરાવામાં આધાર કાર્ડ મહત્વનું બની ગયું છે. આથી નાગરિકો આધારકાર્ડ બનાવવા મોટી સંખ્યામાં આવી રહ્યા છે. અને કલાકોના કલાકો સમય બગાડી દોડી આવે છે. પરંતુ આ બાબતની ઓપરેટરો તેમજ કોન્ટ્રાક્ટરોને ક્યાં ખબર હોય છે. ઓપરેટરો પોતાના પગાર મેળવવા બસ દિવસ ભરવાનુ સમજે છે. ત્યારે આવા કામોમાં મોટી વગ ધરાવતા કોન્ટ્રાક્ટરો કોન્ટ્રાક્ટ લઈ પોતાના નાણા કેમ કરતા જલદી મળે તેવા પ્રયાસોમાં જ હોય છે. આધાર કાર્ડ કઢાવવા આવતા ઉંમરલાયક વડીલોની ઉંમરને પણ ભુલી જઈ ઓપરેટરો તોછડાઈભર્યુ વર્તન કરે છે. જેથી નાગરિકો પરેશાન થઈ ગયા છે. અને ઉચ્ચ કક્ષાએ અનેક રજૂઆતો કરી તેમ છતાં કોઈ કાર્યવાહી થતી નથી ત્યારે સત્વરે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ આ મામલે કાર્યવાહી કરી ઓપરેટરો સામે કાર્યવાહી કરે તેવી માંગ કરી રહ્યા છે.

# ભિલોડા એમ. એસ. ડબલ્યું. કોલેજની તાલિમાર્થીઓ સ્વૈચ્છીક સંસ્થાઓમાં સમાજ કાર્યો અર્થે પહોંચી

ભિલોડા,તા.૭

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ એમ. એસ. ડબલ્યું. કોલેજની તાલિમાર્થીઓ ગુજરાત રાજ્યની જુદી-જુદી સ્વૈચ્છીક સંસ્થાઓમાં સમાજ કાર્યો અર્થે પહોંચ્યા હતા. ગુજરાત રાજ્યની વિવિધ સુપ્રસિધ્ધ નામાંકીત સ્વૈચ્છીક સંસ્થાઓમાં તાલિમાર્થીઓ જે તે સંસ્થાના કાર્યો અને યોજનાઓ નિહાળી તેમાં ઉપયોગી થાય,અનુભવ ભાવી તેમના જીવન ઘડતરમાં ઉપયોગી બની રહે તે હેતુથી ભિલોડા આર. જી. બારોટ એમ. એસ. ડબલ્યું. કોલેજ ધ્વારા તાલિમાર્થીઓને ક્ષેત્ર કાર્યો અર્થે મુકવામાં આવ્યા હતા. ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ પ્રમુખ કિર્તીકુમાર બારોટ, સહમંત્રી નયનાબેન બારોટ, દેવાંગભાઈ બારોટ, આચાર્ય કુ.મિત્તલબેન બરંડાના માર્ગદર્શન હેઠળ સમગ્ર એન.જી.ઓ.નું સંચાલન પ્રો.રાજેશભાઈ તીરગર અને સ્ટાફ પરીવાર ધ્વારા સમાજ કાર્યના અને સમાજ સેવાના ઉત્કૃષ્ઠ કાર્યો કરી શકે તાલિમાર્થીઓ પોતાનું ભાવી ઉજ્વળ બનાવી શકે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# પરખ સંસ્થા દ્વારા સાચોદર ખાતે ગ્રાહક જાગૃતિ રેલી યોજાઈ

હિંમતનગર તા.૭

પરખ સંસ્થા સંચાલીત ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા તાજેતરમાં ગ્રાહક જાગૃતિ સપ્તાહ ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે તા.૨૨/૧૦/૨૦૧૪ ના રોજ હિંમતનગર તાલુકાના સાચોદર મુકામે રેલી યોજવામાં આવેલ હતી. આ રેલી કે.જી.પટેલ હાઈસ્કુલથી પ્રસ્થાન કરી આખા ગામમાં ફરી પરત કે.જી.પટેલ હાઈસ્કુલમાં આવી હતી. રેલીમાં જાગો ગ્રાહક, ગ્રાહક બજારનો રાજા છે. બીલ લેવાનો આગ્રહ રાખો, જેવો સૂત્રોચાર કરી ગ્રાહકમાં જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરેલ. આ પ્રસંગે કે.જી.પટેલ હાઈસ્કુલના આચાર્યશ્રી કનુભાઈ પટેલ, સ્ટાફ ગણ તથા પરખ સંસ્થાના પ્રમુખશ્રી સુરેશભાઈ પટેલ તથા સંસ્થાની કાર્યકર બહેનો રબારી ચેતના અને વ્યાસ અંકિતા કે હાજર રહ્યા હતા. કે.જી.પટેલ હાઈસ્કુલના આચાર્ય અને પરખ સંસ્થાના કાર્યકર દ્વારા સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

## અવસાન નોંધ

સાબરકાંઠા જીલ્લા અને બનાસકાંઠા જીલ્લા ભાજપ પુર્વ સંગઠન મંત્રી અને ભિલોડાના પ્રભુદાસભાઈ પટેલના પિતાશ્રી લાલજીભાઈ હીરાભાઈ પટેલનું અવસાન ૮૦ વર્ષની વયે તા.૩/૧/૨૦૧૫ ને શનીવારના રોજ થયેલ છે.સદ્દગતની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા.સદ્દગતનું બેસણું તા.૧૧/૧/૧૫ ને રવીવારના રોજ ૧૧ થી ૪ બાલમંદીર સામે રાખેલ છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦